


વાર્ષિક પરીક્ષાઓની મૌસમ પુરબહારમાં ખીલી છે. બોર્ડની પરીક્ષાઓ શરૂ થતાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ચિંતિત બન્યા છે. આવા સમયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમનું આયોજન કરી વિદ્યાર્થીઓને તનાવમાંથી મુક્તિ આપવાનો પ્રયાસ કરાયો હતો. કડી સર્વ વિદ્યાલય ખાતે મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# મનપાને વાહન અને વ્યવસાય વેરામાં અંદાજ કરતા ૫.૮૫ કરાડની વધુ આવક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાને વ્યવસાય વેરા તેમજ વાહન વેરાના વર્ષ-૨૦૨૧-૨૨ના અંદાજો કરતાં પણ વધુ આવક થતાં મનપાના તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે માર્ચ મહિનામાં જ વ્યવસાય વેરાની આવક રૂ. ૧.૨૬ કરોડ જેટલી નોંધાઈ છે. મનપા દ્વારા નવા વ્યવસાયવેરાકારોને શોધવા માટે કેમ્પોનું કરાયેલુ આયોજન સફળ રહ્યાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે ૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં મનપાએ તેના અંદાજપત્રમાં વ્યવસાય વેરાની આવકનો અંદાજ રૂ. ૯.૫૦ કરોડનો અંદાજ્યો હતો. જો કે આ લક્ષ્યાંક સાથે રૂ. ૧૨.૫૦ કરોડની આવક નોંધાઈ છે. તંત્રએ ૮૦૦૦ જેટલી નોટીસો પણ જારી કરી હતી.

જો કે નવા વ્યવસાયકારોને શોધી અને વેરાની આવક વધે તે માટેના પ્રયાસો આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. છેલ્લા બે વર્ષથી વ્યવસાયવેરાની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે.

મનપાએ આવકના સ્ત્રોતોનું સઘનીકરણ કરવા અને આવક વૃદ્ધિ પર જ તેનુ ધ્યાન વધુ કેન્દ્રીત કર્યુ છે. શહેરમાં નવા ભળેલા વિસ્તારોને ધ્યાને રાખી આ દિશામાં કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

મનપાના વાહનવેરા શાખા દ્વારા ૨૦૨૧-૨૨માં માર્ચ મહિનામાં જ ૭૯ લાખ રૂ. જેટલી વસુલાત કરી છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં પણ વાહન-વેરાની આવકના અંદાજો જે હતા તેના કરતાં ઘણી સારી આવક થવા પામી છે. ૨૧-૨૨ના વર્ષમાં રૂ. ૮.૫૦ કરોડની આવક સામે રૂ. ૮.૪૫ની આવક વાહન વેરા પેટે થવા પામી છે.

મનપામાં આગામી દિવસોમાં મિલ્કતવેરો, વાહન-વેરો અને વ્યવસાયવેરાની આવકમાં વૃદ્ધિ થાય તે માટે તંત્રએ અત્યારથી જ આખો રોડમેપ તૈયાર કરી દીધો છે. આગામી ૪થી એપ્રિલથી મિલ્કતવેરો એડવાન્સ ભરનારને વળતરની યોજના અમલી થવાની છે આ માટે સોફ્ટવેર અપડેટેશનની કામગીરી હાલ ચાલી રહી છે અને તે ૩જી એપ્રિલ સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

# ગાંધીનગર બાલવા માર્ગ ફોરલેન કરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે

**અંદાજિત ૯ કી મી ના આ માર્ગને ફોરલેન કરવા માટે ૪૦ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર બાલવા માર્ગને ફોરલેન કરવા માટે આયોજન કરી દેવાયુ છે. આ માર્ગ હાલ ટુ લેન છે. જયારે ૯ કીમી ના આ માર્ગને ફોરલેન કરવા માટે અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. હાલ આ સાંકડા માર્ગ પર ટ્રાફિક જામન સમસ્યા પેચીદી બની છે. જયારે રૂટમાં આવતા બે ફાટકના લીધે બોટલ નેક ટ્રાફિક જોવા મળે છે. જો કે આગામી દિવસોમાં માર્ગને અપગ્રેડ કરવાનુ કામ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર બાલવા માર્ગ પર હાલ રોજબરોજ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. ટ્રાફિની અવરજવરથી ઘેરાયેલા આ માર્ગ પર માર્ગ સલામતી પણ જોખમાઈ છે. જેના લીધે વાહનચાલકો પણ ત્રસ્ત છે. જયારે માર્ગના રૂટમાં આવતા બે ફાટકોના લીધે બોટલ નેક ટ્રાફિક જોવા મળે છે આ માર્ગ હાલ ટુ લેન છે જયારે માર્ગને ફોરટ્રેક કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. આ ૯ કી મી ના માર્ગને ફોરલેન કરવા માટે અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે જો કે માર્ગ સુધારણાની આ કામગીરીને અનુલક્ષી રૂટમાં આવતા વૃક્ષોની પણ કટોતી કરવી પડે તેમ છે. ત્યારે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરાશે. ૧૦ મીટરના આ માર્ગને ફોરલેન કરવામાં આવશે જેથી આગામી દિવસોમાં ટ્રાફિકની અવરજવર પણ વધુ સરળ અને સલામત બનશે. આ માર્ગને અનુલક્ષી અગાઉ રીસરફેસીંગ કરવા માટે પણ આયોજન કરાયુ હતુ પરંતુ હવે ફોરલેન કરવાની કામગીરીને ધ્યાનમાં રાખીને માર્ગ સુધારણા તેમજ વાઈડનીંગનુ કામ હાથ ધરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે.

# પાણીના મામલે રહેણાંકના જોડાણનો ઉપયોગ વાણિજયના હેતુથી કરવા બદલ હવે દંડ વસુલાશે

**આકરા ઉનાળામાં શહેરમાં પાણીનો વપરાશ વધવાની સાથે બગાડ પણ વધુ થાય છે : ટપકતા નળના લીધે એક જોડાણ દિઠ પ્રતિમાસ ૭૬૦ લીટર પાણીનો વેડફાટ : રહેણાંકના હેતુથી જોડાણ મેળવી કોર્મશિયલ ઉપયોગ કરવા બદલ દંડનીય કાર્યવાહી હાથ ધરવા તંત્ર હવે એકશન મોડમાં આવશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં આકરા ઉનાળે પાણીનો વપરાશ વધ્યો છે. જયારે સમગ્ર દેશમાં આમ પણ ગાંધીનગરમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે શહેરમાં રહેણાંક વિસ્તાર અને વિવિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ વિશેષ થતો હોવાનુ ધ્યાને આવે છે. રહેણાંક વિસ્તારમાં પણ ટપકતા નળના લીધે પાણીનો બગાડ થાય છે. જયારે રહેણાંકના હેતુથી પાણીનુ જોડાણ મેળવી તેનો કોર્મશિયલ ઉપયોગ થતો હોવાનો કકળાટ પણ પ્રવર્તયો છે. ત્યારે આવા કિસ્સામાં તંત્ર દ્વારા આ પ્રકારની હરકત બદલ દંડનીય કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ સમગ્ર દેશમાં સૌથી વધુ થતો હોવાનુ મનાય છે. જયારે શહેરના રહેણાંક વિસ્તાર અને સરકારી કચેરીઓમાં પણ પાણીનો વિશેષ બગાડ થાય છે. જયારે શહેરના રહેણાંક વિસ્તારમાં પણ નળમાંથી પાણી ટપકતુ રહેતુ હોવાના લીધે પાણીનો બગાડ થતો હોવાનુ પણ ધ્યાને આવે છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા ટપકતો નળ ન રહે તે માટે પણ વિશેષ તકેદારી રાખવા માટે નગરજનોને અપીલ કરવામાં આવી છે. પાણીનો બગાડ અટકાવવા માટે પણ નગરજનોને તંત્રએ અપીલ કરી આ મામલે જાગૃતતા દાખવવા જણાંવ્યુ છે. આ ઉપરાંત ગેરકાયદેસર જોડાણ ધરાવતા ઉપયોગકર્તાઓ સામે પણ પગલા લેવાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. જયારે રહેણાંકના હેતુથી જોડાણ મેળવ્યા બાદ કોર્મશિયલ ઉપયોગ કરવાની હરકત સામે પણ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સરકારની જળ સંચય યોજના અન્વયે પાટનગર યોજના વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોમાં તેમજ વાણિજય વિસ્તારમાં પણ આકસ્મિક તપાસ હાથ ધરવા માટે કર્મચારીઓની ટીમ તપાસ હાથ ધરશે આ દરમિયાન ગેરકાયદેસર જોડાણ પણ શોધી કાઢવામાં આવશે. જયારે પાણીના વેડફાટ

● અનુસંધાન પાન-૭ પર

# કોવિડના કહેર બાદ હવે કલ્ચરલની લહેરથી શહેરની સાંજ સુરીલી બનશે

**છેલ્લા બે વર્ષથી શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ મુર્જાઇ ગઇ હતી કલ્ચરલ ફોરમ હવે શહેરમાં ફરી સાંસ્કૃતિક ચેતના જાગૃત કરવા સજ્જ : નવા સભ્ય બનાવાવા પ્રક્રીયા શરૂ : આગામી મેં મહીનામાં હીન્દી ગુજરાતી ગીતો અને હાસ્ય કલાકારોના કાર્યક્રમ સાથે ગ્રીષ્મોત્સવની ભવ્ય ઉજવણી : વર્ષ દરમિયાન નાટકો આઝાદીનો અમૃત મહોત્સવ, અર્ક વ્યાખ્યાન માળા અને નવરાત મહોત્સવનુ ભવ્ય આયોજન કરાશે**

ગાંધીનગર તા ૧

કોવિડના કહેરથી છેલ્લા બે વર્ષથી શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિના નામે મીંડુ ચિતરાયેલુ હતુ. જેના લીધે કલાપ્રેમી નગરજનો અને કલાકારોમાં પણ નિરસતાના વાદળો છવાયા હતા પરંતુ હવે કોવિડનો કહેર નહીં પરંતુ કલ્ચરલ ફોરમની લહેર નગરજનોની સાંજને ગીત સંગીતથી સુરીલી બનાવશે. લાંબા સમયથી સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ ઝંખતા નગરજનોને ધ્યાનમાં રાખીને કલ્ચરલ ફોરમ દ્વારા વર્ષ દરમિયાન નવતર કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે આ માટે પ્રથમ તબક્કામાં હાલ મેમ્બરશીપ માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આગામી મેં મહીનાના બીજા સપ્તાહમાં હીન્દી ગુજરાતી ગીતો સહીત હાસ્યના કલાકારોની સંગતમાં ગ્રીષ્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે આ ઉપરાંત વર્ષમાં ૫ નાટક, પ્રથમવાર પુસ્તક મેળો, અર્ક વ્યાખ્યાન માળા, આઝાદીનો અમૃત મહોત્સવ સહીત અન્ય લોકસંગીતના કાર્યક્રમો પણ યોજવામાં આવશે જયારે શકિતની ભકિતના પર્વનો દિવ્ય ઉજાસ શહેરમાં પથરાય તે માટે ભવ્ય નવરાત મહોત્સવનુ પણ આયોજન કરવામાં આવશે.

કોરોનાના કપરા સમયમાં છેલ્લા બે વર્ષથી શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. કલાકારોને પણ સ્ટેજ મળતુ નથી. કલાપ્રેમી નગરજનોમાં પણ લાંબા સમયથી નિરસતાના વાદળો છવાયેલા હતા. ત્યારે હવે કોવિડના કહેરના અંતે ગાંધીનગર કલ્ચરલ ફોરમે નગરમાં પુન : સાંસ્કૃતિક ચેતના જાગૃત કરવા માટે નવતર આયોજન કર્યુ છે. કોવિડના કહેર બાદ કલ્ચરલની લહેરથી નગર ગીત સંગીતથી ધબકતુ થશે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ ૧ એપ્રિલ ૨૦૨૨ થી કાર્યાન્વિત થશે.હાલ સંસ્થા દ્વારા નવા સભ્યો બનાવવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં કલ્ચરલ ફોરમની સભ્ય સંખ્યા ૫૪૦૦ જેટલી હતી જયારે આ સભ્ય સંખ્યા હવે વધશે તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. નવા સભ્યોને સરળતા રહે તે માટે સંસ્થા દ્વારા ઓફલાઈન સાથે ઓનલાઈન પણ મેમ્બર થઈ શકાય તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે આ માટે શહેરમાં વિવિધ પાચં સ્થળો પણ નિયત કરાયા છે. સે-૮ સ્થિત ગાંધીનગર સમાચારના કાર્યાલય ઉપરાંત સે-૧૬ શ્રધ્ધાદીપ લેબોરેટરી ,સરગાસણ પીત્ઝેરીયા તેમજ રાજધાની હાર્ડવેર સહીતની જગ્યાએથી પણ ફોર્મ વિતરણ કરાશે. સંસ્થા દ્વારા આગામી મેં મહીનાના બીજા સપ્તાહમાં શનિ રવિ દરમિયાન ગ્રીષ્મોત્સવની ઉજવણી કરવામાં આવશે આ અન્વયે હીન્દી અને ગુજરાતી ગીતો

● અનુસંધાન પાન-૭ પર

# ચેટીચાંદ પર્વની આજે ધામધૂમથી ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧

સીંધી સમાજ દ્વારા આજે ચેટીચાંદની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.

ગાંધીનગરના ભાટ ખાતે આ પર્વની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આ ઉજવણીમાં હાજર રહેનાર છે.

સિંધી સમાજ ભાટની યાદીમાં જણાવ્યા પ્રમાણે આ ઉજવણીમાં ગાંધીનગર પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ધારાસભ્ય બલરામ થાવાણી, ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો ગોપાલદાસ ભોજવાણી, માયાબેન કોડનાની, નિર્મલાબેન વાઘવાણી ખાસ ઉપસ્થિત રહેનાર છે.

ગાંધીનગર સે. ૩૦ માં આવેલ ઝુલેલાલ મંદિર ખાતે પણ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ છે.



આ વર્ષ ચૂંટણીનું વર્ષ છે. વિધાનસભા ચૂંટણી વહેલી આવે છે તેવા તમામ દાવાઓ વચ્ચે ભાજપ દ્વારા પ્રચાર પ્રસારનું કામ પૂરજોશમાં શરૂ કરાયુ છે. જાહેર સ્થળોએ ભાજપના ચિહ્ન કમળ અને તેની નીચે જીત માટેના સુત્રો લઈ રાજકીય માહોલને ગરમી અપાઈ રહી છે.

# નીટની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે જીવવિજ્ઞાનનુ પેપર અત્યંત સરળ રહ્યુ

**થિયરીના પ્રશ્નો લેન્ધી લાગ્યા પરંતુ જનરલ ઓપ્શનનો લાભ મળતા પરીક્ષાર્થીઓએ સરળતાથી પ્રશ્નોના જવાબ લખ્યા : અજયસિંહ રાજપુત**

ગાંધીનગર તા ૧

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભોતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના સરળ પેપર બાદ આજે જીવવિજ્ઞાન વિષયની કસોટી પણ વિદ્યાર્થીઓએ સરળતાથી પુર્ણ કરી હતી. બાયોલોજીનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ રહ્યુ હતુ. જયારે ફરજિયાત આકૃતિનો પણ એક જ સવાલ પુછાયો હતો. એમ સી ક્યુ સરળ રહ્યા હતા. જયારે થિયરીના પ્રશ્નો થોડા લેન્ધી લાગ્યા હતા. જિલ્લામાંથી ૨૮૩૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૨૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા લેવામાં આવી રહી છે. વિજ્ઞાન પ્રવાહમાં પણ ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષયની કસોટી બાદ આજે જીવવિજ્ઞાનનુ પેપર પણ સરળ પુરવાર થયુ હતુ. આ અંગે કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત અજયસિંહ રાજપુતે જણાંવ્યા મુજબ પ્રશ્નપત્રમાં એમ સી ક્યુ પાઠયપુસ્તક આધારિત પુછાયા હતા જેના લીધે નીટની તૈયારી કરતા વિદ્યાર્થીઓએ ખુબ જ સરળતાથી પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જયારે આ જ રીતે બીજા વિભાગમાં ૫૦ ગુણની થિયરી પણ પાઠયપુસ્તક આધારિત પુછાઇ હતી. મોટાભાગના આકૃતિવાળા પ્રશ્નો ઓપ્શનમાં નિકળી જતા પરીક્ષાર્થીઓએ એક જ આકૃતિ ફરજિયાત દોરવી પડી હતી. જો કે નીટ જેવી એમ સી ક્યુ આધારિત પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને થિયરીના પ્રશ્નો લખવાનુ થોડુ લેન્ધી લાગ્યુ હતુ. પરંતુ જનરલ ઓપ્શનના લીધે વિદ્યાર્થીઓએ તે મુજબના પ્રશ્નો પસંદ કરી સરળતા પેપર પુરુ કરી લીધુ હતુ. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે મુખ્ય ત્રણ વિષયની પરીક્ષા સરળ પુરવાર થઈ છે. જયારે હવે ચાર દિવસ બાદ અંગ્રેજીનુ પેપર હોવાથી નિરાંત અનુભવતા પરીક્ષાર્થીઓ તૈયારીમાં લાગી ગયા છે. જયારે મેડિકલ પેરા મેડિકલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષાની તૈયારી પણ અત્યાર થી જ વિદ્યાર્થીઓએ શરૂ કરી દીધી છે.જિલ્લામાંથી કુલ ૨૮૩૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે જીવવિજ્ઞાનના પેપરમાં ૨૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

આ ઉપરાંત સામાન્ય પ્રવાહમાં પણ ૫૦૮૭ વિદ્યાર્થીઓએ ભુગોળ વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૧૦૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં પરીક્ષા દરમિયાન હજુ સુધી એક પણ કોપી કેસ નોધાયો ન હોવાનુ શિક્ષણ વિભાગના સુત્રોએ જણાંવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com